# <u>પંદરમો પદવીદાન સમારંભમાં નાસ્તો અને ભોજનના ભાવ આપવા બાબત</u>

નવસારી કૃષિ યુનિવર્સિટીનો પંદરમો પદવીદાન સમારંભ તા. 19/12/2019ના રોજ નિર્ધારીત કરેલ છે. આ પદવીદાન સમારંભ દરમ્યાન આવનાર આશરે 1000 મહેમાનો માટે નાસ્તાની (ઉપમા-ચટણી અને ચા કોફી) તેમજ આશરે 2500 જેટલા મહેમાનો અને વિદ્યાર્થીઓ માટે નીચે જણાવેલ મેનુ મુજબ જમવાનુ બનાવવાનું રહેશે. તો નીચે જણાવેલ શરતોને આધિન તમારા ભાવ તા. 12/12/2019 સુધીમાં ટપાલ/કુરીયર/રૂબરૂમાં સીલબંધ કવરમાં આચાર્ય, અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને મોકલવાના રહેશે.

(1) દેશી ઘીની મેવા લાપસી (2) કેળા મેથીના ભજીયા (3) ઉંધીયુ (4) પુરી (5) બટાકાની સુકી ભાજી (6) દાળ-ભાત (7) પાપડ (8) કચુંબર (9) છાશ (10) મુખવાસ (11)મિનરલ વૉટર

**શરતો :-**

(1) નાસ્તા તેમજ ભોજન માટે વ્યક્તિઓની સંખ્યા આશરે દર્શાવવામાં આવેલ છે. વ્યક્તિની વાસ્તવિક સંખ્યા કે જે નાસ્તા તેમજ ભોજન માટે હશે તે મુજબ બીલ આકારવાનુ રહેશે.

<u>(2) પદવીદાન સમારંભ કક્ષાના સરકારી ભોજન કાર્યક્રમ અંગેનો છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાનનો અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે.</u>

<u>(3) સક્ષમ અધિકારી દ્વારા ગુણવત્તા નિયમન અંગેનુ પ્રમાણપત્ર આપ ધરાવતા હોવા જરૂરી છે.</u>

<u>(4) ખોરાક અને ઓષધ નિયમન તંત્ર જેવી સરકારી સંસ્થામાં રજીસ્ટ્રેશન કરાવેલ પાર્ટીને અગ્રીમતા આપવામાં આવશે.</u>

(5) પિરસવા માટે વેઇટરની વ્યવસ્થા કરવાની રહેશે. (આશરે 100 વેઇટર સ્વચ્છ અને ચોખ્ખા ડ્રેસ સાથે હોવા જોઇએ)

(6) જમવા માટે વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછા ચાર, સ્ટાફ અને મહેમાનો માટે ત્રણ કાઉન્ટર બનાવવાના રહેશે.

(7) સમારંભના અંતે સાફ સફાઇ કરી જમવાનુ સ્થળ વ્યવસ્થિત ચોખ્ખુ કરવાનુ રહેશે.

(8) રસોઇ બનાવવા તથા જમવા/નાસ્તા માટેના તમામ સાધનો આપના રહેશે.

(9) નાસ્તો, જમવામાં તથા રસોઇ બનાવવામાં મીનરલ વૉટરનો ઉપયોગ કરવાનો રહેશે.

(10) માલ સામાન લાવવા લઇ જવાની વ્યવસ્થા તથા નાસ્તો આપવાનો ટ્રાન્સપોર્ટ તમારે જાતે કરવાનો રહેશે.

(11) આયોજક જે સમય મર્યાદા આપે તેમાં નાસ્તો અને ભોજન તૈયાર રાખવાનુ રહેશે.

(12) તમામ ભાવ ટેક્ષ સાથેના અને ઉપરોક્ત શરતોને ધ્યાનમાં લઇ નીચે દર્શાવ્યા મુજબના ફોર્મમાં ભરવાના રહેશે.

(13) ટેન્ડર ફોર્મે સાથે રૂ. 1500/- ટેન્ડર ફી પેટે તથા રૂ. 10000/- ઇએમડી પેટેના અલગ અલગ ડીમાન્ડ ડ્રાફ્ટ ACCOUNT OFFICER (CASH) નામના આપવાના રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ વિના ટેન્ડર માન્ય રાખવામા આવશે નહિ.

(14) આ ટેન્ડરના સફળ ઉમેદવારે 5% સિક્યુરીટી ડિપોઝીટ સ્વરૂપે આપવાના રહેશે. કામગીરી સંતોષકારક પુર્ણ કરનારને સિક્યુરીટી ડિપોઝીટ પરત કરવામાં આવશે.

---

પ્રતિ,
આચાર્યશ્રી,
અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

વિષયઃ- નાસ્તા/બપોરના ભોજનના ભાવ આપવા બાબત...

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપના ટેન્ડરમાં જણાવ્યા મુજબ નાસ્તો અને ભોજનના અમારા ભાવ આપની શરતો મુજબ તેમજ તમામ ટેક્ષ સાથે નીચે મુજબ છે.

| વિગત (આપના મેનુ મુજબ) | પ્રતિ ડિશનો ભાવ (તમામ વેરા સાથે) |
|---|---|
| નાસ્તો/ચા કોફી (આશરે 1000 વ્યક્તિ) | |
| બપોરનુ ભોજન (આશરે 2500 વ્યક્તિ) | |

તારીખ :-

નામઃ સહિ

સરનામુ :

ટેલીફોન નં./મોબાઇલ નં.